ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૯૫/૧૮-૧૯/ 1805 તારીખ : 15 MAY 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી ગોવિંદભાઈ રવજીભાઈ મુળિયા,
મેળકની વાવ, મુ.આદપર,
ઘોડીઢાળ, તા. પાલીતાણા, જી.ભાવનગર.
**મો.નં. ૯૭૩૭૪ ૧૬૨૯૧.**

કેસ નં.૧૯૫/૧૮-૧૯

**વિષય : નવું ખેતીવાડી વીજ કનેકશન મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૨/૦૩/૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૯૫/ /૧૮-૧૯/૧૧૭૬ તા.૨૭/૦૩/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૯૫/૧૮૫/૧૮-૧૯/૧૫૪૨ તા.૨૦/૦૪/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૪/૦૫/૨૦૧૯ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **પાલીતાણા.**
*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ઘોડીઢાળ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૧૯૫/ /૧૮–૧૯</u>** ☜

વાદી :– શ્રી ગોવિંદભાઈ રવજીભાઈ મુળિયા

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **<u>રજુઆતની તારીખ</u>:– ૦૪.૦૫.૨૦૧૯** ◈

હાજર રહયા :– શ્રી ગોવિંદભાઈ રવજીભાઈ મુળિયા – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી પી. જી. પરીખ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ગોવિંદભાઈ રવજીભાઈ મુળિયા, મુ.આંદપર–ઘોડીઢાળ, તા.પાલીતાણા, જી.ભાવનગરની નવું ખેતીવાડી વીજ કનેકશન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૮૫/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૮૫/૧૮–૧૯/૧૧૭૬ તા.૨૭.૦૩.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૪.૦૫.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી ગોવિંદભાઈ રવજીભાઈ મુળિયા પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી પી. જી. પરીખ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમારૂ ખેતીવાડી કનેકશન તા.૨૦.૦૧.૧૮ ના રોજ મંજુર થયેલ ત્યારે સર્વે નં.૧૮P૧ હતો પરંતુ ત્યાં અમારા ભાઈ અશોકભાઈ રવજીભાઈ મુળીયાના નામે ખેતીવાડી કનેકશન ચાલુ હોય, સર્વે નંબર બદલવા છ માસની મુદત વધારવા વિનંતી કરેલ હતી.

૧.૨ જે તા.૨૦.૦૭.૧૮ એ પુરી થતાં ફરીવાર ટાઈમ લીમીટ વધારવા વિનંતી કરેલ છે, તો અમને અમારૂ અંદાજપત્ર આપવા વિનંતી.



Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ વાદી શ્રી ગોવિંદભાઈ રવજીભાઈ મુળીયા, ગામ–આદપુરના સર્વે નં.૧૮ પૈકી ૧ માં ખેતીવાડી વીજજોડાણ માટે વર્ષ ૨૦૧૩ માં રૂા.૨૦૦/– તા.૨૬.૧૨.૨૦૧૩ ના રોજ રસીદ નં.૪૦૨૨૨૩ થી ભરી, રજીસ્ટ્રેશન કરાવેલ.

૨.૨ જેના અનુસંધાને તા.૨૬.૦૭.૨૦૧૭ ના રોજ જરૂરી સર્વે કરી, વાદીને કંપનીના નિયમ અનુસાર રૂા.૭,૮૫૩/– નું અંદાજપત્ર તા.૨૬.૧૨.૨૦૧૭ ના રોજ પાઠવવામાં આવેલ, જેની છેલ્લી તા.૨૦.૦૧.૨૦૧૮ હતી.

૨.૩ સર્વે નં.૧૮ પૈકી ૧ ના કુવા પર એક ખેતીવાડી વીજજોડાણ અશોકભાઈ રવજીભાઈ મુળીયાના નામે ચાલુ હોવાથી, વાદી દવારા આ સર્વે નંબરનું વિભાજન કરવાનું હોવાથી અંદાજપત્ર ભરવાની મુદત ૬ મહીના વધારી આપવા પેટા વિભાગીય કચેરીમાં તા.૦૬.૦૧.૨૦૧૮ ના રોજ અરજી કરવામાં આવેલ.

૨.૪ વાદી દવારા સર્વે નંબરના વિભાજન કરવા માટે માંગવામાં આવેલ સમયમર્યાદા વધારવા માટે અરજી કરવામાં આવેલ તે ગ્રાહય રાખવામાં આવતી નથી કારણકે સર્વે નંબર વિભાજન માટે સમયમર્યાદા વધારી આપવી તેવો કોઈ કંપનીનો નિયમ નથી.

૨.૫ હાલમાં ઘોડીઢાળ પેટા વિભાગીય કચેરીમાં ખેતીવાડી વીજ કનેકશન માટે સને ૨૦૧૮ ના એફ.કયુ. ઈસ્યુ કરવાનું શરૂ છે, વાદી ઈચ્છે તો નવી અરજી કરી, ખેતીવાડી વીજ કનેકશનની માંગણી કરી શકે છે અને કંપનીના નિયમ મુજબ નજીકના સમયમાં વારા પ્રમાણે વીજ કનેકશન આપી શકાય.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર ગોવિંદભાઈ રવજીભાઈએ ગામ–આદપુરમાં સર્વે નં.૧૮ પૈકી ૧ માં તા.૨૬.૧૨.૨૦૧૩ ના રોજ નવા ખેતીવાડી વીજજોડાણ માટે અરજી નોંધણી કરાવેલ.

૩.૨ પ્રતિવાદી દવારા વાદીને નવા ખેતીવાડી વીજજોડાણ માટે અંદાજપત્ર તા.૨૭.૧૨.૨૦૧૭ ના રોજ આપવામાં આવેલ, જે ભરપાઈ કરવાની છેલ્લી તા.૨૦.૦૧.૨૦૧૮ હતી.

૩.૩ સર્વે નં.૧૮ પૈકી ૧ માં વાદી અરજદારના ભાઈના નામે ખેતીવાડી વીજજોડાણ ચાલુ હોય, વાદીએ સર્વે નં.૧૮ પૈકી ૧ ના ભાગ પડાવી અને તેના પોતાના નામની જમીન કરાવવા માટે પ્રતિવાદીને અંદાજપત્રની સમયમર્યાદા ૬ માસ વધારી આપવા માટે અરજી કરેલ તેમજ ત્યારબાદ એટલે કે ૬ (છ) માસ બાદ પણ વાદીએ જમીનના ભાગ પાડી તેના નામે ન થયેલ હોય, સમયમર્યાદા વધારવા માટે ફરી અરજી કરેલ.

૩.૪ પ્રતિવાદીએ વાદીને તેમની અરજી મુજબ તા.૨૬.૧૦.૨૦૧૮ સુધીમાં અંદાજપત્ર ભરવા માટેની સમયમર્યાદા વધારી આપેલ.

૩.૫ તે દરમ્યાન વાદીએ માંગેલ વીજજોડાણના સર્વે નં.૧૮/૧ ના ભાગ પાડી વાદીનાં નામે સર્વે નં.૧૮/૧/૨ થયેલ, તેથી વાદીએ પહોંચ નં.૪૧૧૦૧૮ થી તા.૨૬.૧૦.૨૦૧૮ ના રોજ તેઓને માંગેલ વીજજોડાણ સર્વે નં.૧૮/૧ માંથી સર્વે નં.૧૮/૧/૨ માં કરવા માટે રી–રજીસ્ટ્રેશન ચાર્જ પ્રતિવાદીની ઓફીસમાં ભરપાઈ કરેલ. પરંતુ સ્થળ ફેરફાર અંગેની વાદીની તા.૨૬.૧૦.૧૮ ની અરજી પર પ્રતિવાદી દવારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નહી.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

..૩..

૩.૬ પ્રતિવાદીએ કરેલ ઉપર મુજબનની કાર્યવાહી જોતા ફોરમને જણાય છે કે પ્રતિવાદીએ ખરેખર જે તે સમયે વાદીને અંદાજપત્રની સમયમર્યાદા વધારવાને બદલે સ્થળ ફેરફાર માટે વાદીને જરૂરી ડોકયુમેન્ટ રજુ કરવાનું જણાવવું જોઈતું હતું અને તે ડોકયુમેન્ટ મળ્યે વાદી પાસે સ્થળ ફેરફાર માટે રી–રજીસ્ટ્રેશન ચાર્જ ભરાવી અરજી નોંધણી કરવવાની જરૂર હતી.

૩.૭ આ કેસમાં વાદીએ તા.૨૬.૧૦.૧૮ ના રોજ રી–રજીસ્ટ્રેશન ચાર્જ ભરી, તેઓએ માંગેલ વીજજોડાણ સર્વે નં.૧૮/૧/૨ માં આપવા માટે અરજી નોંધણી કરાવેલ છે, જેના પર પ્રતિવાદીએ કાર્યવાહી કરેલ નથી.

૩.૮ ઉપરોકત તારણ નં.૩.૬ અને ૩.૭ ને ધ્યાનમાં લઈ હુકમ કરવામાં આવે છે કે પ્રતિવાદીએ વાદીને સર્વે નં.૧૮/૧/૨ માં ખેતીવાડી વીજજોડાણ આપવા માટે જરૂરી ડોકયુમેન્ટસ તપાસી અંદાજપત્ર આપવાની કાર્યવાહી દિવસ–૨૦ માં પૂર્ણ કરવી અને અંદાજપત્ર આપવું.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૮ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| ગેરહાજર<br>**(બી. જે. દવે)**<br>**સ્વતંત્ર સભ્યશ્રી** | **(પી. એન. આજકીયા)**<br>**ટેકનીકલ સભ્યશ્રી** | **(એમ. આર.વજરીયા)**<br>**અધ્યક્ષશ્રી,**<br>**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**<br>**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :– **૦૪.૦૫.૨૦૧૯**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.